




# ( Part 2- 2015-2021 )




# ગુજરાતી સાહિત્ય સરિતા, હ્યુસ્ટનના ઈતિહાસની ઝાંખી.

## ( ભાગ-૨ ૨૦૧૫ થી ૨૦૨૧ )



**केयूरा न विभूषयन्ति पुरुषं हारा न चन्द्रोज्ज्वला**

**न स्नानं न विलेपनं न कुसुमं नालङ्कृता मूर्धजाः ।**

**वाण्येका समलंकरोति पुरुषं या संस्कृता धार्यते**

**क्षीयते खलु भूषणानि सततं वाग्भूषणं भूषणम् ॥**

ગુજરાતી સાહિત્ય સરિતાનો ઈતિહાસ દર્શાવતાં પ્રથમ પુસ્તકમાં સપ્ટે. ૨૦૦૧ થી જૂન ૨૦૧૫ સુધીનું સચિત્ર આલેખન થયું છે. તેમાં સંસ્થાની સ્થાપના, પૂર્વભૂમિકા અને હેતુ, પા પા પગલી, સંસ્થાની પ્રવૃત્તિ અને પ્રગતિનો ક્રમિક ઈતિહાસ અને વિકાસ, સંસ્થાની મુલાકાતે આવી ચૂકેલા મહાનુભવોની યાદી-ફોટા સહિત (૨૦૦૧ થી ૨૦૧૫), સંસ્થાના સર્જકો, તેમનાં પ્રસિધ્ધ થયેલાં પુસ્તકોનાં નામો, સંસ્થાનાં સહાયકો વગેરેનું સચિત્ર આલેખન કરવામાં આવ્યું છે.

તે પછી પાંચ વર્ષ વીતી ગયા. દર મહિનાની નિયમિત મળતી બેઠકોની વિગતો સંસ્થાની સાઈટ ગુજરાતી સાહિત્ય સરિતા,હ્યુસ્ટન (gujaratisahityasarita.org) પર ઉપલબ્ધ છે જ. પરંતુ હવે જ્યારે આ દ્વિદશાબ્દિ વર્ષ ચાલી રહ્યું છે ત્યારે માર્ચ ૨૦૧૫થી આજ સુધીની પ્રવૃત્તિઓ, મહેમાન લેખકો અને અન્ય સ્મરણીય ઘટનાઓનો સમાવેશ કરવાનું જરૂરી બને છે એમ વિચારી આ એક અલગ વધારાનાં પાનાંઓની ફાઈલ તૈયાર કરી છે. આશા છે, સંસ્થાના સૌ સભ્યો અને અન્ય સાહિત્યરસિક સુજ્ઞજનોને ગમશે.

# દ્વિદશાબ્દિના અવસર ટાણે....

## શુભેચ્છા સંદેશ:

### પદ્મશ્રી સિતાંશુભાઈ યશશ્ચંદ્ર મહેતા તરફથી:

**Sitanshu Mehta**      Sun, Sep 12 at 1:49 AM

**આદરણીય દેવિકાબહેન અને 'સાહિત્ય સરિતા'નાં સહુ પ્રેમાળ સાથીઓ,**

**'સાહિત્ય સરિતા'-નાં નિજાનંદી પ્રવાહને વીસ વીસ વરસોથી તમે સભર અને નિર્મળ વહેતો રાખ્યો છે, એ તો ગુજરાતી સાહિત્યને ચાહનારાં સહુ માટે  આનંદની ઘટના છે. એ બદલ તમને સહુને અભિનંદન અને શુભેચ્છા. અર્ધશતકના આગલા ઓવારા સુધી તમારી સાહિત્ય સરિતાનાં જળ સભર વહેતાં રહે, એ જો કે સહેલું કામ નથી. તે છતાં (બલ્કે તેથી જ), તમારી એ માટેની શક્તિ અને કુનેહમાં વિશ્વાસ સાથે, તમને સર્વ શુભેચ્છા અને આગોતરા આયોજનોમાં સહકારનો કૉલ.**

**આફ્રિકા, ઇંગ્લેન્ડ, અમેરિકા, ઓસ્ટ્રેલિયા, યુરોપ અને એશિયાના અનેક દેશોમાં કાયમી વસનારાં ભારતીય મૂળનાં સ્વજનોની હવે તો સૈકાઓ લાંબી જીવનસાધના આદર પ્રેરે એવી બની છે. પોતાનાં વિવિધ નવાં વતનનાં મુક્ત આકાશોમાં ખીલવા-ઊડવાની સાથોસાથ પોતાના મૂળ વતન સાથેનો ઘરમૂળનો નાતો કાયમ રાખવાનું કામ, પોતપોતાની લગનીથી અને સૂઝસમજથી પોતપોતાની રીતે સહુએ કરી બતાવ્યું છે. એ કામને બિરદાવવાનું અને સાથોસાથ એનું સેલ્ફ-ઑડિટ કરવાનું કામ, બન્ને જરૂરી છે.**

**'સાહિત્ય સરિતા'નું કામ જોઈ લાભશંકર ઠાકરની પેલી પંક્તિઓ યાદ આવે છે: 'વાગીશ્વરીના નેત્રસરોવરમાંથી ખોબોક પાણી પી ફરી કામે વળગી જતા મારા વિપ્લવખોર મિત્રો, અવાજને ખોદી શકાતો નથી અને ઊંચકી શકાતું નથી મૌન.' કવિતાનું એ સરોવર, સાહિત્યની આ**

સરિતા, એમને પેઢી-દર-પેઢી, વીસ, પચાસ, સો વરસો સુધી સભર્યાં રાખવા એ જે-તે કામ નથી. તમે બબ્બે દશકો સુધી એ કરી બતાવ્યું છે. તમારી એ શક્તિ, લગની, ખંત બદલ અભિનંદન.

1958માં જન્મેલો અફઘાન કવિ મોહમ્મદ અફસર રાહબીન કહે છેઃ 'I am a poemland.'. પોતાની માતૃભાષાની કવિતાની સરજમીન, એ એક જ ભૂમિ, એક જ દેશ એને માટે બચ્યો છે. આપ સહુને તો બબ્બે સમૃધ્ધ વતનની સાહ્યબી છે! એનો લાભ તમને સહુને પૂરો મળે! પોતાની ગુજરાતી રચનાઓમાં પોતાની સ્વકીય લાગણીઓને અભિવ્યક્ત કરવાનો આનંદ જે-તે નથી. એ જરૂર માણો. એ સાથે બીજાં અનેક કવયિત્રી-કવિઓનાં અદ્‌ભુત કાવ્યો, તમારા મૂળ વતનમાં જ નહીં, તમારા નવા વતનમાં પણ લખાયાં છે અને લખાય છે, એનો શક્તિપ્રદ આસ્વાદ લેતાં રહેશો. વાલ્મીકિ અને હોમર, કાલિદાસ અને દાન્તે, અરે એલિયટ, ઑડેન, લોર્કા અને પાબ્લો નેરૂદા, તેમ જ અરુણ કોલાટકર, લાભશંકર ઠાકર, કે. સચ્ચિદાનંદન અને સુનીલ ગંગોપાધ્યાય -- એક વાર એમનો સ્વાદ લેતાં આવડ્યું પછી મૂકવાનું મન ન થાય એવા એ સહુ સર્વકાલીન અને સમકાલીન સર્જકો છે! તમારી આસપાસનાં રળિયામણી લાયબ્રેરીઓમાં દુનિયાભરનું સાહિત્ય અનુવાદ રૂપે હાથવગું છે, એને પણ યથાવકાશ માણતાં રહેશો, એ આશાભરી શુભેચ્છા.

ફરી, વીતેલાં બે દશકોમાં તમે માણેલી સાહિત્યના આનંદની ઉજાણી બદલ અભિનંદન અને એ ઉજાણીના અર્ધશતક દરમ્યાન હ્યુસ્ટનની 'સાહિત્ય સરિતા'ને તટે, નવી નવી વાનગીઓ ઉમેરાતી જાય, માટે શુભેચ્છા.

સ્નેહવંદન,

સિતાંશુ યશશ્ચન્દ્ર.

**From: Adam Tankarvi** **Sat, Sep 4**

ગુજરાતી સાહિત્ય સરિતાના સર્જકમિત્રો,

હ્યુસ્ટનમાં બે દાયકાથી સાહિત્ય સરિતામાં તમે સૌ સર્જનનૌકા તરાવો છો તે માટે અભિનંદન.

શ્રી નટવર ગાંધીના મેટાફરમાં કહીએ તો આ નાયગ્રામાં નૌકા તરાવવા જેવી પ્રવૃત્તિ છે.

તમારી ભાષાપ્રીતિ એ જ પ્રેરકબળ. હું એનો સાક્ષી.

બે વાર સાહિત્ય સરિતાના કાર્યક્રમોમાં સહભાગી થવાની મને તક મળી ત્યારે આપ સૌની

નિસબતનો અનુભવ થયેલો. સહિયારા પ્રયાસોથી તમે જે વાતાવરણ સર્જ્યું છે તે સાહિત્યસર્જન માટે પોષક છે.

બે દાયકાના ઓચ્છવ ટાણે શુભેચ્છા.

અદમ ટંકારવી

****************************************************************************************

From: **Ahmad Lunat ( અહમદ ગુલ ) UK.**

**Fri, Sep 3 at 12:30 PM**

**Congratulations for organizing such a wonderful event. I wish pray for**

**a great success.**

**Kind Regards**

**Ahmad Lunat 'Gul'**

**Chair; Gujarati Writers Forum, Batley U.K.**

**From: Anil Chavda** Wed, Sep 8

# વિદેશી ભૂમિ પર વહેતી સ્વદેશી સરિતાને શુભકામના

**ગુજરાતી વિચરતી પ્રજા છે. સદીઓથી આ પ્રજા વ્યાપારાર્થે દેશ-વિદેશમાં પ્રવાસનો કરતી રહી છે. વિશ્વનો ભાગ્યે જ કોઈ એવો દેશ હશે, જ્યાં ગુજરાતી ન હોય. ગુજરાતી જ્યાં જાય ત્યાં ગુર્જરભૂમિનું ભાથું સાથે લેતો જાય. આજે અમેરિકામાં લાખો ગુજરાતીઓ વસે છે. ગુજરાતી પ્રજા ભલે માભોમ છોડીને વિદેશ સ્થાયી થઈ, પણ તેમણે પોતાની ભાષા, સંસ્કૃતિ અને સાહિત્યને છોડ્યાં નથી. જ્યાં ગયા ત્યાં પોતાનું ગુજરાતીપણું લેતા ગયા. ખબરદારે કહ્યું છે તેમ, 'જ્યાં જ્યાં વસે એક ગુજરાતી ત્યાં ત્યાં સદાકાળ ગુજરાત!' હ્યુસ્ટન સાહિત્ય સરિતા તેનું જીવંત ઉદાહરણ છે. એક નાનકડી ઘરઘરાઉ બેઠકમાંથી પ્રગટેલો સાહિત્યનો દીવડો આજે સમગ્ર હ્યુસ્ટનની ગુજરાતી પ્રજાના હૈયામાં અજવાળું પાથરી રહ્યો છે તે કેટલા આનંદની વાત છે. આ જ તો આપણો સાહિત્યપ્રેમ છે, આ જ તો આપણો ભાષાપ્રેમ છે. રાતદિવસ વિદેશી ભાષામાં રાચ્યા પછી પણ આત્માનું અજવાળું તો આપણે પોતાની નિજી વાણીમાંથી જ મેળવીએ છીએ. હ્યુસ્ટન સાહિત્ય સરિતાએ આવું નિજી વાણીનું નાણું એકઠું કર્યું છે તે માટે તે ખરેખર ખૂબ ધન્યવાદને પાત્ર છે.**

**ભારતથી આવતા અનેક સાહિત્યકારો પોતાની કલાની સુગંધ અહીં પીરસી ચૂક્યા છે. આ તક મને બબ્બે વખત સાંપડી છે તે માટે હું મને સદભાગી માનું છું. હ્યુસ્ટન સાહિત્ય સરિતાના સભ્યો શ્રી દેવિકા ધ્રુવ, સતીશ પરીખ તથા અન્ય તમામ મિત્રો પોતાના ખંત અને ખમીરથી ગુજરાતીપણું સતત જીવંત રાખી રહ્યા છે. તેમના આ પ્રયાસની ઉંમર જોતજોતામાં વીસ વર્ષની થઈ ગઈ. સાહિત્ય સરિતા અત્યારે તેની યુવાનીમાં છે એમ કહેવું જરાય ખોટું નથી. તેની આ મુગ્ધતા, સાહિત્યિક જુસ્સો અને જોમ હરહંમેશ ટકી રહે તેવી પ્રભુપ્રાર્થના કરું છું. ઈશ્વરને પ્રાર્થના કે આ સરિતાનાં જળ કદી ન સૂકાય અને નિરંતર તેના અમૃતથી સૌને પાવન કરતાં રહે.**

**સાહિત્ય સરિતાના તમામ સભ્યોને, હ્યુસ્ટનવાસીઓને ગુજરાતી ગૌરવ મુઠ્ઠી ઊંચેરું બનાવવા માટે દિલથી શુભકામનાઓ પાઠવું છું.**

**- અનિલ ચાવડા, અમદાવાદ**

**Asharaf Dabawala** Wed, Sep 8

# સંદેશ એક સરિતાને, જે વહે છે સતત

**કોઈ પણ સંસ્કૃતિનું કેન્દ્ર એની ભાષા છે, અને સાહિત્ય એ સંસ્કૃતિના લોકો દ્વારા જીવાતા જીવનનું પ્રતિબિંબ છે. એટલે ભાષા અને સાહિત્ય બંને સંસ્કૃતિના મહત્ત્વનાં પાસાં છે. હ્યુસ્ટન ગુજરાતી સાહિત્ય સરિતા છેલ્લા વીસ વર્ષથી ગુજરાતી ભાષા અને સાહિત્યના પ્રચાર અને પ્રસાર માટે નિઃસ્વાર્થ ભાવનાથી સફળતાપૂર્વક કાર્યરત છે એ વાતનો ખૂબ જ રાજીપો છે. શિકાગો આર્ટ સર્કલ વતી અને વ્યક્તિગત રીતે મારા તરફથી ગુજરાતી સાહિત્ય સરિતાને અભિનંદન અને શુભેચ્છા સાથે,**

**----અશરફ ડબાવાલા, શિકાગો**

**Dinesh shah** **Tue, Sep 7 at 4:53 PM**

સાહિત્ય સરિતાના વીસ વર્ષ ની શુભ જયંતિ ના ઉજવણી પ્રસંગે આપ સૌને આનંદ સહીત શુભેચ્છા અને અભિનંદન પાઠવું છું. સાહિત્ય સરિતાની પ્રગતિ ઉત્તરોઉત્તર વધતી રહે તેવી શુભેચ્છા. આ પ્રસંગે એક નાની સરખી ભેટ આપ સૌને મોકલું છું. આ કવિતા મેં ગુજરાતી લિટરરી એકેડેમીની સ્થાપના પ્રસંગે મોકલેલી.

" વરસાદને હું ઝંખતો જોઈને નાની વાદળી
ધન્ય છે અજાણ મિત્રો સ્થાપવા આ અકાદમી.
માળીઓ આ બાગના એક દિન ચાલી જશે
ખાતર પાણી નાખનારા એક દિન ભુલાઈ જશે
ફળો મીઠાં આવશે ત્યારે બીજ વાવનાર ભુલાઈ જશે
પાણી પીશે થાક્યો મુસાફર કૂવો ખોદનાર ભુલાઈ જશે
વર્ષો વહી જશે અને આ દિન ઘડી ભુલાઈ જશે
ફક્ત સાહિત્યના કંઈ ફૂલોની સુવાસ ફેલાતી હશે
આપું અંતરથી શુભેચ્છા તવ પાથ પથરાતી જશે
આ નવભૂમિ નવી ચોપડી ગીતોથી ઉભરાતી જશે.

ફરીથી ખુબ ખુબ અભિનંદન અને શુભેચ્છા સહીત ,
દિનેશ ઓ. શાહ , શાંતિ નિકેતન 2, ટવારીસ, ફ્લોરિડા, યુ.એસ.એ.

## ડો. જનકભાઈ શાહ ૧૪/૦૯/૨૦૨૧

દેવિકાબેનનો ઈમેલ મળ્યો. મને યાદ કર્યો તે બદલ દિલથી આભાર. આપ સૌને આશીર્વાદ આપવા માટે કદાચ હું નાનો પડું પણ શુભેચ્છા હ્રદયથી આપી શકું. હું કોઈ મોટો સાહિત્યકાર નથી પણ હું સાહિત્ય અને સાહિત્યકારના સર્જન માટે જે કાંઈ વિચારતો હોઉં તે આપ સમક્ષ અભિવ્યક્ત કરી શકું. મને આશા છે કે આપ સૌને મારી વાત ગમશે.

આપની પ્રવૃતિના સાક્ષી બનવાનું મને બે વખત સદભાગ્ય મળ્યું છે. વળી મારા પ્રત્યેની આપ સૌની લાગણીને મસ્તકે ચડાવું છું. આપ સહુ હ્યુસ્ટનમાં દર મહિને પદ, પ્રતિષ્ઠા કે પ્રસિધ્ધિની લાલસા રાખ્યા વગર સાહિત્યની બેઠક ગોઠવીને પરદેશમાં પણ ગુજરાતી સાહિત્યને જીવંત રાખવા જે પ્રયત્ન કરો છો તે વંદનીય છે. સર્જકોને આપ આ બેઠકોમાં પ્રોત્સાહન તો આપો છો પણ સાથે સાથે આત્મવિશ્વાસ પણ વધારો છો. ભારતભરમાંથી હ્યુસ્ટન આવતાં અને ખાસ કરીને ગુજરાતમાંથી આવતા સાહિત્યકારોને આપની બેઠકોમાં ભાવપૂર્વક  નિમંત્રણ આપી બોલાવો છો અને સન્માન પણ કરો છો. તેમની સાહિત્ય કૃતિઓનો પરિચય આપી તેમનું વક્તવ્ય પણ ગોઠવો છો તે અત્યંત સરાહનીય બાબત છે. તે માટે ખોબલે ખોબલે અભિનંદન

ગુજરાતી સાહિત્ય સરિતાને ૨૦ વર્ષ પૂરા થાય છે ત્યારે હું પણ હર્ષની લાગણી અનુભવું છું`. આપના આનંદનો સહભાગી બનવાની તક આપી તે બદલ ખૂબ ખૂબ આભાર. ગુજરાતી સાહિત્યને જીવંત રાખવાના આપના ઉલ્લાસભેર પ્રયત્નમાટે  દિલથી અભિનંદન. હ્યુસ્ટનમાં રહેતો દરેક ગુજરાતી, ગુજરાતી સાહિત્ય સરિતાનો સભ્ય બની આપણી ગુજરાતીને ત્યાં જીવંત રાખવા માટે કૃતનિશ્ચયી બની આપણને વારસામાં મળેલ શ્રેષ્ઠ ગુજરાતી સાહિત્યનો આપ સૌના થકી પરિચય મેળવે તેવી અભ્યર્થના અને આશા. એક અપેક્ષા છે. જેની માતૃભાષા અંગ્રેજી છે પણ તેમનું મૂળ ગુજરાતી છે તેઓ આપણાં શ્રેષ્ઠ વારસાનો અંગ્રેજીમાં આપના થકી આસ્વાદ મેળવે અને જેઓ ગુજરાતી છે તેઓ શ્રેષ્ઠ અંગ્રેજી સાહિત્યનો ગુજરાતીમાં આસ્વાદ મેળવે તેવો પ્રયત્ન પણ ગુજરાતી સાહિત્ય સરિતા દ્વારા આ બેઠકોમાં થશે તો સોનામાં સુગંધ ભળશે.

ફરી એક્વાર અમે બન્ને ગુજરાતી સાહિત્ય સરિતાના પૂરા થતાં ૨૦ વર્ષની ઉલ્લાસભેર આનંદની ઉજવણી માટે સૌ સભ્યો શુભેચ્છા વ્યક્ત કરીએ છીએ અને સફળતા ઈચ્છીએ છીએ.

જનકભાઈના સ્નેહવંદન

સાથે જયજિનેંદ્ર.

**Krishnkant Unadkat** Wed, Sep 8 at 7:46 AM

**સ્નેહીશ્રી દેવિકાબેન અને સાહિત્ય સરિતાના સૌ મિત્રો,**
**સાહિત્ય સરિતાએ બે દાયકા પૂરા કર્યા અને હજુ આ સરિતાનો પ્રવાહ ધસમસી રહ્યો છે એ ખુશીની વાત છે.**
**સાત સમંદર પાર આપ સહુએ ગુજરાતી ભાષાની જીવતી જ નહીં પણ ધબકતી રાખી છે.**
**અમેરિકાની સંસ્કૃતિ અલગ છે, પરંપરાઓ અલગ છે, એના કારણે આચાર અને વિચાર પણ અલગ રહેવાના છે. એ વાતાવરણ આપ સહુના ગુજરાતી સાહિત્ય સર્જનમાં દેખાય છે અને જીવાય છે.**
**કોરોનાના કપરા કાળમાં પણ આપ સહુએ સાહિત્યની આ સરિતાના સુકાવવા દીધી નહોતી અને ઝૂમના માધ્યમથી વહેતી રાખી હતી એ મજાની ઘટના છે.**
**સાહિત્ય સરિતા અને તેની સાથે જોડાયેલા તમામ મિત્રોને અભિનંદન પાઠવું છું. આપણી ભાષાને જીવતી રાખવાના તમારા પ્રયાસોને બિરદાવું છું. અમને તમારું ગૌરવ છે. ભવિષ્યમાં પણ આપ સહુએ આદરેલો યજ્ઞ અવિરત ચાલતો રહે એવી ખૂબ શુભકામનાઓ.**

**-કૃષ્ણકાંત ઉનડકટ,**
**લેખક/પત્રકાર,**
**અમદાવાદ.**

**Kanubhai suchak** Tue, Sep 7 at 2:41 PM

**અભિનંદન.**
**ગુજરાતી સાહિત્ય સરિતા સંસ્થાના શુભકાર્યકાળને ૨૦ વર્ષ પૂરાં થાય છે એ દીર્ઘકાલ ખરેખર પ્રશંસનીય અને અભિનંદનને પાત્ર છે. કોઈ પણ સંસ્થા શુદ્ધ, ઉચ્ચ અને નિ:સ્વાર્થ સેવાના ઉદ્દેશ સાથે કાર્યરત હોય તો પણ તેમાં તે ધ્યેયમાં માનનારાં અને રસ ધરાવનારાં ઉત્સાહી કાર્યકરો અને સંચાલકો હોય તો જ સફળતા મળે. પ્રવૃત્તિ સારી હોય તો રસ લેતા સભ્યો મળે જ. સંસ્થા, તેના કાર્યકરો, સંચાલકો અને સભ્યો બધાં જ અભિનંદનને પાત્ર છે. ગુજરાતી સાહિત્ય સરિતાને વધુ કાર્યરત વર્ષોની શુભેચ્છા સહિત,**
**સવિનય,**
**કનુભાઈ સૂચક મુંબાઈ. (સાહિત્ય સંસદ)**

**Mukesh Joshi** Fri, Sep 3 at 8:09 AM

પ્રિય દેવિકાબહેન,
અમેરિકામાં રહીને તમે સહુ સાહિત્યની પ્રવૃત્તિ કરો છો એ જ નવાઈ છે અને ખુશી પણ. વ્યસ્ત જીવન, શ્રોતાઓનો અભાવ, સાહિત્યનુ વાતાવરણ .. આ બધું ન હોવા છતાં તમે સમય કાઢો છો.. લોકો સુધી જાઓ છો અને સાહિત્યનું વાતાવરણ ઉભું કરવા પ્રયાસો કરો છો એને સલામ છે. આપ સહુ આમ જ આપણા સાહિત્યને જીવંત રાખો એવી શુભેચ્છા.. સહુ સ્વસ્થ રહે અને મસ્ત રહે એવી પ્રભુ પ્રાર્થના.

**---મુકેશ જોશી**

# *GURJARI PUBLICATION, INC.*

*[Non-profit Tax Exempt Organization under IRS code 501(c) (3)]*

*Editor/Publisher: Kishore D. Desai*

**130 Lattice Lane, Collegeville, PA 19426**

Date: September 10, 2021

હ્યુસ્ટનની ગુજરાતી સાહિત્ય સરિતાની પ્રવૃત્તિને ૨૦ વર્ષ થાય છે તે જાણીને આનંદની લાગણી અનુભવું છું. ગુજરાતીમાં આપણે કહેતા હોઈએ છીએ કે "આરંભે શુરા" પરંતુ, તમે – ગુજરાતી સાહિત્ય સરિતાના સભ્યો - આરંભે જેવા શુરા હતા તેવા જ આજે પણ છો. આ તમારા સૌની ગુજરાતી ભાષા સાહિત્ય પ્રત્યેની મમતા અને તમારો ઉત્સાહ બતાવે છે. જ્યાં અંગ્રેજી ભાષાનું પ્રભુત્વ છે એવા વિદેશના આપણા વસવાટ વચ્ચે રહીને આપણી માતૃભાષાની જાળવણી કરવાનું કામ દુષ્કર હોય છે. આવી સ્થિતિમાં તમે સૌ નિયમિત ભેગા મળો છો અને તમારી સાહિત્ય સર્જનની પ્રવૃત્તિને વેગ આપી વિકસાવતા રહો છો એ પ્રસંશનીય છે. તમારી આ પ્રવૃત્તિ વણથંભી ચાલુ રહો એવી શુભેચ્છા પાઠવું છું.

લિ. કિશોર દેસાઈના વંદન

**Dr.Mahesh Rawal** **Tue, Sep 7 at 2:32 PM**

માતૃભાષા ગુજરાતીના પ્રચાર અને પ્રસાર માટે કાર્યરત ગુજરાતી સાહિત્ય સરિતા-હ્યુસ્ટન, આ વર્ષે ૨૧માં વર્ષમાં પ્રવેશ કરે છે ત્યારે...

સાહિત્યની ખેવના અને સૌને સાથે રાખીને,ઉત્તમ સાહિત્યનું જતન અને સિંચન કરી રહી છે એ સરાહનીય "યજ્ઞ કર્મ"ને, ગઝલ પૂર્વક વંદન પાઠવું છું. સાથે-સાથે ઉત્તરોત્તર વ્યાપ વધે અને અનેકગણી નામના,યશ,પ્રતિષ્ઠા,અને કીર્તિમાન પ્રાપ્ત કરે,એવી શુભકામના પાઠવું છું.

અલગ અલગ સમયે,હ્યુસ્ટન સાહિત્ય સરિતાના મંચ પરથી મને ત્રણેક વખત મારી ગઝલો પ્રસ્તુત કરવાનું સૌભાગ્ય પ્રદાન કરવા બદલ,એનો પણ આ તકે આભાર અને ગૌરવની લાગણી સાથે આભાર વ્યક્ત કરું છું.સંસ્થાએ આયોજન કરેલ દરેક કાર્યક્રમમાં પ્રસ્તુત,જે તે કવિઓ અને ગઝલકારોની એકેક રચનાને બહુ જ બારીકાઇથી અને રસપૂર્વક માણી,યથોચિત કદરદાન પ્રતિભાવ પાઠવવાનો "ભાવસભર" અભિગમ દાખવનાર,સહુ સભ્યશ્રીઓની "ભાવના"ને બિરદાવું છું.

આપણી આ સંસ્થા, સતત અને અવિરત ઉચ્ચ સ્તરીય સ્તરને વરે એવી અભ્યર્થના.

સહુ મિત્રો,વડીલો, અને ભાવકોની લાગણીને,મારા આ શેર દ્વારા આદરપૂર્વક વધાવું છું, કે...

તમારી હર દુઆઓ, બદદુઆથી બાદ રાખે છે
તમારાથી વધારે, કોણ અમને યાદ રાખે છે !

- ડૉ.મહેશ રાવલ સૅન રૅમોન, કેલિફોર્નિયા -યુ.એસ.એ.

## નીલમ દોશી..                    સપ્ટે. ૮,૨૦૨૧

હજુ તો ગઈ કાલની વાત.. આજે જાણે  સ્મરણોની  સોગાદ .

ગુજરાતી સાહિત્ય સરિતા હ્યુસ્ટન .. આ શબ્દ સાથે જ અનેક મીઠાં સંભારણાઓ ભીતરમાં ઘૂઘવાટા કરી ઉઠયા. ભીતર સૂતેલા સ્મરણ પંખીએ જાણે પાંખો ફફડાવી અને એકસાથે અનેક સ્મૃતિઓ હાઉકલી કરી ઊઠી. અને ભીતરમાં..  કયાંક વાંચેલી કોઈ પંક્તિ પડઘાય છે.
“વહી  ગયેલ કો ક્ષણ ઓગળે, ભીતર ભીના સ્મરણ ઓગળે.”

સમુદ્રપાર  વસતાં  અનેક ગુજરાતીઓ પોતાની માતૃભાષાને જીવંત રાખવા સનિષ્ઠ પ્રયાસો કરતા રહે છે અને એ દ્વારા પોતાનાં મૂળિયાંને લીલાછમ્મ રાખે છે. માતૃભૂમિ અને માતૃભાષા સાથે જોડાયેલા આવા અનેક ગુજરાતીઓનાં  મજાના સપનાનું સુંદર પરિણામ એટલે હ્યુસ્ટનની ગુજરાતી સાહિત્ય સરિતા. ૨૦૦૧માં નાનકડું બીજ રોપાયું અને આજે એના યૌવનકાળમાં  પ્રવેશીને અનેકવિધ પ્રવૃતિઓથી અવિરત ધમધમી  રહ્યું છે. અહી આવીને પોતાની સ્વરચિત કૃતિઓનું વાંચન કરીને, સંતોષ અને માર્ગદર્શન સાથે પા પા પગલી પાડતા સર્જકોએ આજે સાહિત્ય જગતમાં ખાસ્સું કાઠું કાઢયું છે એનો આનંદ છે. એ નિમિત્તે આટઆટલા સર્જકો નિયમિત લખતા થયા છે એનો યશ  નિ:શંક પણે સાહિત્ય સરિતાને ફાળે જાય એવું મને લાગ્યું છે.

મને તો સાહિત્ય સરિતા મારી માતૃસંસ્થા હોય એવું જ આજ સુધી લાગ્યું છે. અહી બધાની વચ્ચે મારી કૃતિઓનું પઠન કરવાનો લહાવો પણ મને મળ્યો છે. એમના  સ્નેહે  હું વિદેશમાં પણ મારે પિયર આવી હોઉં એવો અહેસાસ મને કરાવ્યો છે એ કેમ વિસરાય ?   એ સ્નેહ તો અંતરની છીપમાં આજે પણ અકબંધ સચવાયેલો છે.

વિજયભાઈ શાહ, વિશ્વદીપ ભાઈ બારડ, દેવિકાબહેન ધ્રુવ, પ્રવીણાબહેન કડકિયા, શૈલાબહેન અને પ્રશાંત ભાઈ મુન્શા, ઇન્દુ બહેન અને રમેશભાઈ શાહ, સરયુબેન પરીખ,ચીમન ભાઈ પટેલ..આ અને આવાં  તો અનેક નામો..જેમના સ્મરણોની સુવાસ આજે પણ ભૂલી નથી શકાઈ. એ સૌને આ મજાના અવસરે યાદ કરતા આનંદ અનુભવાય છે.

વીસ વરસ સુધી આવી કોઈ પ્રવૃત્તિ સતત ચલાવવી એ કઈ નાનીસૂની વાત હરગીઝ નથી. એ સૌને દિલથી સલામ..વીસ વર્ષોથી આ સુંદર કાર્ય અવિરત ચાલુ રહ્યું છે એ જ બતાવે છે કે અહી કોઈને પદ, પ્રતિષ્ઠા કે પ્રસિધ્ધિ કે એવા કોઈ જ સ્વાર્થની લાલચ કે મોહ નથી. અહી તો છે માતૃભાષાને જીવંત રાખવાની, એની સાથે જોડાયેલા રહેવાની ભાવના.

આ સંસ્થા અવિરત ચાલતી રહે અને ચાલતી રહેશે  એ શ્રદ્ધા અને શુભકામનાઓ શબ્દો સાથે કે શબ્દો વિના પણ સતત સાથે જ હોવાની. સૌ સભ્યોને દિલથી અભિનંદન અને અવિરત, ઉત્તરોત્તર  પ્રગતિ કરતા રહે એવી મંગલ ભાવના સાથે અસ્તુ.

**સૌને સાદર વંદન.. પ્રણામ..     નીલમ દોશી.**

**Preety Sengupta**    Tue, Sep 7 at 4:40 PM

**હ્યુસ્ટન નગરમાંની "ગુજરાતી સાહિત્ય સરિતા" નાં સર્વ સભ્યોને અભિનંદન  . ભાષા અને સાહિત્ય વિષેનું કામ શરૂ કરવાની ઈચ્છા થાય, તે  આનંદદાયક બાબત  ગણાય. એ અંગે પ્રયત્નો તેમજ અનેકવિધ કાર્યક્રમો થતા રહે, અને તે પણ આટઆટલાં વર્ષો સુધી સતત , એ હકીકત તો સાચે જ પ્રશંસાને પાત્ર છે  . "સાહિત્ય સરિતા" તરફથી નિયમિત રીતે સ્થાનિક તથા ગુજરાતથી આવતા સર્જકોનું કાવ્ય-પઠન રજૂ થતું રહે છે, તે  જાણ હવે અહીં તેમજ ગુજરાતમાં થઇ ગઈ છે. આ જ રીતે, આવનારાં વર્ષોમાં પણ સક્રીય  રીતે કામ થતું રહે , અને ભાષાની શુદ્ધિનો આગ્રહ ક્યારેય શિથિલ ના થાય, તેવી શુભેચ્છા  છે  .**

**----------પ્રીતિ  સેનગુપ્તા  , ન્યૂયોર્ક**

**Pancham Shukla** U.K. **Tue, Sep 7 at 11:32 AM**

**દેવિકાબહેન ,**

**ગુજરાતી સાહિત્ય સરિતાને ૨૦મી ઉજવણીની શુભેચ્છાઓ.**

**સસ્નેહ વંદન,**

---

## રઈશ મનીઆર તરફથીઃ

**ami raeesh Wed, Sep 8 at 11:12 PM**

**સદાય વહેતી સરિતા..**

**હ્યુસ્ટન સાહિત્યસરિતાના તમામ સર્જકો સાથે ઘરોબો છે. વખતોવખત અલગ અલગ રીતે સહુને મળવાનું થયું છે. સ્વદેશેય આટલી નિષ્ઠાથી કામ કરતા સર્જકોનું જૂથ મળવું મુશ્કેલ છે ત્યારે વિદેશની વિપરિત આબોહવામાં તમે માતૃભાષાના છોડને કરમાવા દીધો નથી, બલકે એ પાંગરીને આજે 20 વરસની વયનો ઘટાદાર છાંયડો બની ગયો છે ત્યારે મને અપાર આનંદ થાય છે. આવું નિયમિત પ્રવૃત્તિ કરતું સંગઠન, સંસ્થા બની ગંઠાઈ જવાને વહેતું રહ્યું છે કેમ કે એ આખરે તો સરિતા છે. વહીવટકારો કે પદાધિકારીઓ નહીં પણ સર્જકો એનો પ્રાણ છે. એટલે આ સરિતા સદાય વહેતી રહેશે એની મને શ્રદ્ધા છે. પ્રતિષ્ઠા કે પ્રસિદ્ધિની બહુ ખેવના વગર માત્ર પ્રક્રિયામાં તલ્લીન રહીને રસ મેળવવો એ તો સ્વદેશે ઘણા લોકોએ શીખવાનું બાકી છે, એ સત્ય તમે સહુ પચાવીને બેઠા છો.**
**તમારા જીવનનો સાત્વિક આનંદ તમને શબ્દોના સંગાથથી મળે છે એ ખરેખર સરસ્વતીની કૃપા છે. અમેરિકા જેવા દેશમાં રહેવું એટલે 'લક્ષ્મીના આશીર્વાદ છે' એ અતિપ્રચલિત ધારણાની સામે, આપે સાકાર કર્યું છે કે આપની સાથે સરસ્વતીના પણ આશીર્વાદ છે.**
**20મી વર્ષગાંઠે મારી શુભેચ્છાઓ સ્વીકારશો.**

**રઈશ મનીઆર,**

**સુરત**

**Shobhit Desai** **Fri, Sep 3 at 9:18 AM**

ઓહો ... હું તમારા આખા ગ્રુપને **May** ૨૦૧૭માં રુબરુ મળ્યો છું . એ સાંજનો તમારા બધાનો જુસ્સો , ગુજરાતી ભાષાની ગરિમા સાચવવાની લગની અને તમે સીનીયર સીટીઝન્સની સરેરાશ ઉમ્મરવાળા સૌએ મારી રચનાઓને આપેલો જુવાનજોધ પ્રતિસાદ અવિસ્મરણિય છે .

ખૂબ ખૂબ અભિનંદન અને શુભેચ્છા 👏

**SHOBHIT DESAI**

---

**ગઝલકાર શ્રી સુરેશ ઝવેરી તરફથી વોટ્સએપ સંદેશઃ**

પ્રતિ :હ્યુસ્ટન ગુજરાતી સાહિત્ય સરિતા,

આ મહિને હ્યુસ્ટન ગુજરાતી સાહિત્ય સરિતાને ૨૦ વર્ષ પૂરા થશે એ શુભ પ્રસંગે આપના તમામ હોદ્દેદારો અને સાહિત્યરસિક સભ્યોને મારી હાર્દિક શુભેચ્છાઓ.

૨૦૦૧થી તમારી બેઠક શહેરમાં નિયમિત રીતે મળતી આવી છે એ આનંદની વાત છે. ૨૦૦મી બેઠકમાં મને હાજર રહેવાનો મોકો મળેલો અને એમાં બધાનો સાથ સહકાર તથા પ્રેમ મળેલો તે હજી મને યાદ છે.

હ્યુસ્ટન ગુજરાતી સાહિત્ય સરિતાની પ્રવૃત્તિનો ઉત્તરોત્તર વિકાસ થાય અને નવા નવા શિખરો પ્રાપ્ત કરે એવી આશા,અપેક્ષા અને આકાંક્ષા.

સાથે મુંબઈથી સુરેશ ઝવેરીના પ્રણામ.
તા ૫મી સપ્ટેંબર ૨૦૨૧.

## -- સુમન શાહ ( સપ્ટેમ્બર ૩, ૨૦૧૨ : યુ એસ એ )

સ્નેહીશ્રી દેવિકાબેન :

કુશળ હશો.

૨૦ વર્ષ ! બહુ જ સારી પ્રગતિ થઈ કહેવાય. હું તો પહેલેથી માનું છું કે બે મિત્રોએ પોતે લખેલાં કાવ્ય કે વાર્તા એકબીજાની સામે રજૂ કરવાં જોઈએ. તમે તો બે-થી વધુ લેખકો મળતાં રહ્યાં છો એ વાતે પ્રસન્ન થવાય છે. દરેક સર્જકને સ્પૃહા હોય છે કે એને અધિકારી ભાવક મળે. સમ્યક ભાવન વિના સર્જન સાર્થક નથી થતું. તમારા 'ગુજરાતી સાહિત્ય સરિતા' જેવાં અનૌપચારિક સંગઠનોમાં તો સર્જકો સ્વયં એકમેકના ભાવકો રૂપે સક્રિય થતાં હોય છે, એને હું મોટું સદ્ભાગ્ય ગણું છું. 'સુરેશ જોષી સાહિત્યવિચાર ફૉરમ' પણ અનૌપચારક સંગઠન છે. એની પણ આ જ નીતિરીતિ રહી છે. અમે ૪૭ વાર્તાશિબબિર કર્યા છે, દરેકમાં ઓછામાં ઓછા ૨૦ વાર્તાકારો જોડાયા હોય. બધા એકબીજાના શ્રોતા ભાવક સમીક્ષક -જે ગણો તે. હવે અમારી ઑનલાઇન વાર્તાશિબિર -માળા રૂપે ચાલે છે.

મને યાદ આવે છે કે વરસો પર હું તમારી એક સભામાં આવેલો ને મિત્રોની રચનાઓ વિશે ચર્ચાઓ થઈ હતી. મારી શુભેચ્છાઓ છે કે તમે સૌ સાહિત્યકાર તરીકેની કારકિર્દી વિકસાવો અને એ પ્રકારે ગુજરાતી ભાષા અને સાહિત્યની આ દૂર દેશાવરે બેસી સેવા કરવાનું બળ મેળવો.

-- સુમન શાહ ( સપ્ટેમ્બર ૩, ૨૦૨૧ : યુ એસ એ )

**Usha Upadhyay** **Sat, Sep 11 at 7:42 AM**

નમસ્કાર.

ગુજરાતી સાહિત્ય સરિતા ૨૦ વર્ષથી અવિરત ચાલુ રહી છે તે અત્યંત આનંદ અને ગૌરવની વાત છે. અમેરિકા જેવા દેશમાં દાયકાઓથી તમે સહુ વસ્યાં છો, છતાં માતૃભૂમિ અને માતૃભાષાને તમે ભૂલ્યાં નથી એ હકીકત તમારા સહુ માટે માન પ્રેરે છે. કોરોનાકાળમાં પણ તમે વર્ચ્યુઅલ માધ્યમથી સાહિત્ય સાધના જારી રાખી એ સાચે જ તમારા સહુની ઊંડી નિસ્બતની પ્રતીતિ કરાવે છે. માતૃભાષા,ભારતીય સંસ્કૃતિ અને સર્જનાત્મકતાનું આ રીતે ગુજરાતી સાહિત્ય સરિતા દ્વારા જે જતન અને સંવર્ધન થાય છે તેને માટે તમામ હોદ્દેદારોને,સભ્યોને તથા સહયોગી સહુને હાર્દિક અભિનંદન પાઠવું છું અને તમારા સહુનો ભાવિ પથ નિરંતર પ્રકાશમાન અને અવનવી સિદ્ધિઓથી સભર હો એવી શુભકામના પાઠવું છું.

સ્નેહાદર સાથે

ઉષા ઉપાધ્યાય

**Vipool Kalyani** Wed, Sep 8 at 7:47 AM UK

**વાહ ! મુખ્ય પ્રવાહમાં આપણી નોબત ઝાઝેરી સંભળાતી ન હોય તેવાં તેવાં વાતાવરણમાં બે દાયકા લગી, સતત ગુજરાતી સાહિત્યની પ્રવૃત્તિનો ધબકાર થતો રહે તેને, ભલા, શું કહીશું ? આવું સાતત્ય જ્યારે મુખ્ય પ્રવાહમાં ય ઢીલુંઢફ હોય તે વેળા તે પોરસાવી જાય. તમે આ પડ જાગતું રાખ્યું છે તેની મને જાણકારી છે. તમારે ત્યાં હયદરઅલી જીવાણી, રસિક મેઘાણી, ધીરુભાઈ શાહ, વિજયભાઈ શાહ, નવીનભાઈ બેન્કર, ચીમનભાઈ પટેલ, 'ચમન' સરીખા કવિલેખકોની સક્રિયતા રહેતી અને તેથી પણ તમારી સંસ્થાને ખીલવાને મજબૂતાઈ સાંપડતી.**

**હવે પછીનો તમારો પ્રવાસ હૂંફકારી તેમ જ પોષક બની રહો તેવી મનોકામનાઓ.**

**તમને દરેકને આ અવસરે વધાવીએ.**

**કુશળ રહેજો.**

**સ્નેહાદારપૂર્વક**
**વિપુલ કલ્યાણી UK** http://glauk.org

**Dr. Vivek Tailor** **Fri, Sep 3 at 12:16 AM**

વાહ... ખૂબ સરસ.

માદરે-વતનથી આટલે દૂર રહીને પણ આપ સહુ સાહિત્યની જ્યોત અનવરત પ્રજ્વલિત રાખો છો એ જાણીને ખૂબ આનંદ થયો... સહુ મિત્રોને દિલી અભિનંદન અને અઢળક મબલખ સ્નેહકામનાઓ... સસ્નેહ,

વિવેક.

Take care...Dr. Vivek Tailor

*******************************************************************

## કવિ શ્રી કૃષ્ણ દવે તરફથી....ગુજરાતી સાહિત્ય સરિતા હ્યુસ્ટંનને.......

કૈંક બિંદુ એકઠાં થઈ પ્રથમ સરવાણી બનો.
ચાલો પછી ઝરણું બની વહીએ વનોવન
ને મળે વાતાવરણ એવું વિકસીએ ત્યાં મનોમન
આપમેળે બે કિનારાની પકડ ઢીલી થશે.
તે પછી આરંભીએ યાત્રા ધરી કો નામ સરિતાનું
અને વ્હેવું અમારાં શ્વાસમાં એવું ગૂંથાયુ કે ગયા પેલા કિનારા ક્યાં ?
થયાં સાગર અમે ક્યારે ? કશું'યે યાદ ના, ને યાદ પણ ક્યાંથી રહે ?
ત્યાં આંખ જેની હો નિશાને સ્થિર
જેના હાથમાં હો બાણ ને હો લક્ષ્યવેધી તીર
મોજા ઉછળે, મોજાં ઉછળે....

કેટલાક ગુજરાતી સાહિત્ય કલા પ્રેમી મિત્રોનું મળવું એટલે જ હ્યુસ્ટનમાં ગુજરાતી સાહિત્ય સરિતાનું વ્હેતાં થવું. આ સાહિત્ય સરિતા આજે ઝરણામાંથી વિશાળ નદી બનીને ગુજરાતીઓની નસનસમાં વહી રહી છે.જે પણ સાહિત્યકાર,કવિ હ્યુસ્ટન ગયા છે તેઓ આ સાહિત્ય સરિતામાં ધુબાકા માર્યા વિના પાછા નથી ફર્યા. ખુબ જ પ્રેમાળ મિત્રોનું વૃંદ ભૂલી શકાય તેમ છે જ નહીં.
આજે આ સરિતાને વ્હેતાં વ્હેતાં વીસ વર્ષ થયા છે ત્યારે હું મારો હરખ વ્યક્ત કર્યા વિના રહી શકતો નથી

કૃષ્ણ દવે. તા-૨૧-૯-૨૦૨૧

## શ્રી કુમારપાળ દેસાઈ તરફથી

Kumarpal Desai   Thu, Sep 23 at 1:22 AM

### શુભેચ્છા-સંદેશ

મારા ચિત્તમાં સંગ્રહાયેલી સાહિત્યિક સંસ્થાઓના સંદર્ભે કેટલીક અવિસ્મરણીય ઘટનાઓમાં એક છે હ્યુસ્ટનની ગુજરાતી સાહિત્ય સરિતામાં કેટલાંક ગુજરાતી સાહિત્યરસિકો સાથેનો સંવાદ કેટલાંક વર્ષો અગાઉ ગુજરાતી સાહિત્ય સરિતાના કાર્યક્રમમાં આવ્યો હતો, ત્યારે ઉપસ્થિત સાહિત્ય પ્રેમીઓની આંખમાં ગુજરાતી ભાષા, સાહિત્ય અને સંસ્કૃતિ માટે ચાહના જોઈ હતી, તે આજે પણ એટલી જ મન પ્રત્યક્ષ છે. એ સમયે ઉપસ્થિત સ્વજનોમાંથી શ્રી વિજય શાહ અને શ્રી કમલેશ લૂલાનાં એ પછીના કાર્યોની જાણકારી પણ પ્રાપ્ત થતી રહી છે.

આજે આ સંસ્થાને વીસ વર્ષ પૂરા થાય છે, ત્યારે આપ સહુએ સામા પૂરે તરીને મેળવેલી સિદ્ધિ બદલ અભિનંદન આપું છું. 'એક ગુજરાતી, ત્યાં ત્યાં સદાકાળ ગુજરાત' એ વાતનું તમે સહુએ ગૌરવ કર્યું છે. સતત આટલાં વર્ષો સુધી તમે ગુજરાત, ગુજરાતી ભાષા અને ગુજરાતી સાહિત્યની અસ્મિતા જાળવી છે. આવી આપ સહુની ભાષા-સાહિત્ય પ્રત્યેની અગાધ ચાહના માટે ધન્યવાદ.

હાલમાં અમે ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ દ્વારા ગુજરાતી ભાષા, સાહિત્ય અને સંસ્કૃતિનું તથા ગુજરાતની અસ્મિતા પ્રગટાવવાનું કાર્ય કરીએ છીએ, જેમાં ગુજરાતી વિશ્વકોશ (એન્સાઈક્લોપિડિયા)નાં 23000 લખાણો ધરાવતા, 25000 પૃષ્ઠોમાં સમાવેશ પામતાં 25 ગ્રંથો, બાળવિશ્વકોશનાં દસ ભાગ, 'વિશ્વવિહાર' નામનું સામયિક, એકસોથી વધુ ગ્રંથોની શ્રેણી તથા સાહિત્યિક કાર્યક્રમોનો સમાવેશ થાય છે.

તાજેતરમાં 'ગુર્જરી ડાયજેસ્ટ'માં પણ વિશ્વકોશ સહયોગ આપી રહ્યું છે. વિશ્વકોશનું મુખપત્ર 'વિશ્વવિહાર' અમે આપને મોકલવા ઇચ્છીએ છીએ, તો આપની સંસ્થાનું સરનામું પણ મોકલશો. આપ સહુના સાહિત્યપ્રેમને ખૂબ અભિનંદન અને એમાં અહીંથી અમે કોઈ પણ પ્રકારે ઉપયોગી થઈ શકીએ તેમ હોય, તો જણાવશો. અમને જરૂર આનંદ થશે.

# મહેમાન સર્જકો, સન્માનીય પ્રસંગો અને નોંધપાત્ર ઉલ્લેખો..

- ## ૨૦૧૫

જુલાઈ મહિનામાં કેલિફોર્નિયાના ૯૬ વર્ષની વયના લેખક અને કોમ્યુનિટી એક્ટીવીસ્ટ શ્રી. હરિકૃષ્ણ મજમુદાર દાદા સાથે -(બેઠક નં ૧૫૬)સુગરલેન્ડના ઈમ્પીરિયલ પાર્ક રીક્રીએશન સેન્ટર હોલમાં બેઠક...

- ઓગસ્ટ મહિનામાં સુરતના ખ્યાતનામ કવિ, હાસ્યકાર, નાટ્યકાર, ગીતકાર અને ગઝલકાર ડોક્ટર રઈશ મનીઆર સાથે એક મસ્તીભરી, સાંજ, સુગરલેન્ડ, ટેક્સાસ, ટી.ઈ. હરમન સેન્ટરમાં બેઠક નં.૧૫૭...

## ૨૦૧૬

- માર્ચ મહિનામાં, જેવીબી પ્રેક્ષા મેડીટેશન હોલમાં, કવિ શ્રી અનિલ ચાવડા સાથે–૧૫૦ જેટલા ગુજરાતી સાહિત્યપ્રેમીઓની ઉપસ્થિતિમાં બેઠક નં ૧૬૨..

- એપ્રિલ મહિનામાં ખ્યાતનામ લેખિકા નીલમ દોશી સાથે, સુગરલેન્ડના માટલેજ રોડ ખાતેના હોલમાં બેઠક નં ૧૬૩...

- મે મહિનામાં જાણીતા અને માનીતા, કવયિત્રી પન્નાબેન નાયકની સાથે હ્યુસ્ટનના એલરીજ પાર્કના રીક્રીએશન સેન્ટર ખાતે બેઠક નં ૧૬૪...

- **જુન મહિનામાં લેખક શ્રી ભાગ્યેશ જહા સાથે ઑસ્ટીન પાર્કવેના હોલમાં ૧૬૫મી બેઠક...**

- **નવેમ્બર મહિનામાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટિના વાઈસ ચાન્સેલર ડો. બળવંતભાઈ જાની સાથે ૧૭૦મી બેઠક, સુગરલેન્ડના કોમ્યુનીટી સેન્ટરમા...**

- **૨૦૧૭**

- મે મહિનાની પાંચમી તારીખે ૧૭૪મી બેઠક સુગરલેન્ડ ના માટલેજ રોડ પર આવેલા રીક્રીએશન સેન્ટરના હોલમાં આમંત્રિત કવિ શ્રી શોભિત દેસાઈ સાથે...

- મે મહિનાની ૨૦મી તારીખે ગઝલકાર ડો. મહેશ રાવલ સાથે સુગરલેન્ડના રીક્રીએશન સેંટરના હોલમાં ૧૭૫મી બેઠક...

- સપ્ટે. મહિનામાં સુગરલેંડના કોમ્યુનિટી સેંટરમાં ૧૭૮મી બેઠકમાં સંસ્થાના જ આદરણીય સભ્ય અને નાસાના સર્વોચ્ચ વૈજ્ઞાનિક શ્રી ડો. કમલેશ લુલ્લાને તેમની અવકાશ અને વિજ્ઞાન ક્ષેત્રમાં સાધેલ ઝળહળતી સિદ્ધિઓ બદલ ( Glorious Achievement Award) નામે એક વિશિષ્ઠ એવોર્ડ મળ્યો હતો તે અંગે સાહિત્ય સરિતાએ તેમનું સન્માન કર્યું.

- ૨૦૧૭ના ડિસેમ્બર મહિનામાં સંસ્થાના સભ્ય દેવિકાબહેન ધ્રુવની પત્રશ્રેણી ‘આથમણી કોરનો ઉજાસ” જેને ગુજરાતી સાહિત્ય પરિષદે **ડાયસ્પોરા પારિતોષિક ઘોષિત કર્યું તે અંગે સંસ્થાના કમિટિ મેમ્બર્સ અને સૌ સભ્યોએ દેવિકાબેન ધ્રુવનું ૧૮૦મી બેઠકમાં પ્રશસ્તિ પત્ર અર્પણ કરી સન્માન કર્યું.**

- # ૨૦૧૮

- માર્ચ મહિનામાં  હ્યુસ્ટનના પ્રેક્ષા મેડીટેશન સેન્ટરના હોલમાં. 'વિશ્વપ્રવાસિની અને કવયિત્રી પ્રીતિબેન સેનગુપ્તા સાથે બેઠક નં ૧૮૩...

- મે મહિનામાં  સાહિત્ય સરિતાની ૧૮૫મી બેઠક  સુગરલેન્ડના રીક્રીએશન સેન્ટરમાં સુરતના, ખ્યાતનામ તેજાબી અને સ્પષ્ટવક્તા લેખિકા કામિનીબેન સંઘવી સાથે...

- સપ્ટે. મહિનામાં પ્રેક્ષા મેડિટેશન સેન્ટરના હોલમાં મુંબઈના  જાણીતા કવિ અને મંચના મહારથી શ્રી મુકેશ જોશી અને અમદાવાદના યુવાન કવિ અને રજૂઆતના રાજવી શ્રી અનિલ ચાવડા સાથે બેઠક નં ૧૮૯....

- # ૨૦૧૯

ફેબ્રુ. મહિનામાં  'સુગરલેન્ડ' ના  રીક્રીએશન સેન્ટરમાં સાહિત્ય સરિતાની ૧૯૪મી અન્ય ભાષાના (મહારાષ્ટ્ર મંડળના), મહેમાન તરીકે આવેલ શ્રી મિલિન્દભાઈ  ફડકે સાથે બેઠક....

- માર્ચ મહિનામાં સુગરલેન્ડ કોમ્યુનીટી હોલમાં, હિન્દીભાષી વિદુષી કવયિત્રી અને રાઈસ યુનિ.ના અધ્યાપક શ્રીમતી સરિતાબહેન મહેતા સાથે ૧૯૫મી બેઠક   ...

- મે મહિનામાં સાહિત્ય સરિતા, હ્યુસ્ટનના માંડવે 'જૂઈમેળા'નો ઉત્સવ..ઑસ્ટીન પાર્કવે, સુગરલેન્ડના કોન્ફરન્સ સેન્ટરમાં, જૂઈમેળાના પ્રણેતા કવયિત્રી ડો ઉષાબહેન ઉપાધ્યાયની હાજરીમાં ૧૯૭મી બેઠક.....

- ઑગષ્ટ  મહિનામાં ભવ્ય રીતે સાહિત્ય સરિતાનો  "૨૦૦મી બેઠકનો જલસો" ઠસ્સાદાર રીતે ઉજવાયો. તે સમયે  અતિથિવિશેષ હતા મુંબઈના ગઝલકાર શ્રી સુરેશ ઝવેરી..

- ઓક્ટોબર મહિનામાં ૨૦૧૯-પાટણ યુની.ના વાઇસ ચાન્સેલર ડો. દાઉદભાઈ ઘાંચી અને ગુજરાત યુનિવર્સિટિ સાથે સંકળાયેલા તથા ગાંધર્વ મહાવિદ્યાલય સાથે જોડાયેલા ડો. જનકભાઈ શાહ સાથે- બેઠક નં ૨૦૨.

- # ૨૦૨૦

- ૨૦૨૦- માર્ચ મહિનામાં સાહિત્ય સરિતાની પહેલી 'વોટ્સ-એપ' બેઠક યોજાઈ. કોરોના વાયરસને કારણે, ૨૦૫ બેઠકો પછીની આ વિશેષ બેઠક થકી સંસ્થાના ઈતિહાસમાં આ એક નવું પાનું ઉમેરાયું.

- એપ્રિલ મહિનાથી ઝુમ બેઠકોની શરૂઆત થઈ. જૂન મહિનાની ઝુમ બેઠકમાં  હ્યુસ્ટનના ઈતિહાસમાં પ્રથમ વખત એક તેજસ્વી યુવા-પ્રતિભા રાધા મહેતાનું મંત્રમુગ્ધ વક્તવ્ય. .

- ઓગષ્ટ મહિનામાં વાર્તા અંગે અમદાવાદના લેખિકા શ્રીમતી શ્રધ્ધા ભટ્ટ સાથે તેમની વાર્તાઓનું વાંચન... ઝુમ બેઠક નં ૨૧૧.

- નવેમ્બર મહિનામાં ૨૧૪મી બેઠક, આંતરરાષ્ટ્રિય ગઝલની મસ્તીભરી બેઠક લંડન યુ.કે થી જાણીતા ગઝલકાર, ગુજલીશ ગઝલો માટે ખૂબ જાણીતા અને સુફી ગઝલકાર તરીકેનું માન મેળવી ચૂકેલા છે તે આદરણીય શ્રી અદમભાઈ ટંકારવી સાથે....

- નવેમ્બર મહિનાની બેઠકમાં  સંસ્થાના સભ્ય ગુજરાતી 'પ્રમુખપેડ' ના સંશોધક વિશાલભાઈ મોણપરાની નવ અને પાંચ વર્ષની દિકરીઓ ચિ. સ્વરા અને આજ્ઞા જેઓ આટલી કુમળી વયે ગુજરાતી ભાષા અને કક્કો બારાખડીને સરળ ભાષામાં ઉદાહરણ સહિત, અમેરિકન

પધ્ધતિથી યુટ્યુબ ચેનલ પર મૂકે છે. એમની આ પ્રવૃતિને પ્રોત્સાહન આપવા સંસ્થા તરફથી આ બાળકીઓને પ્રોત્સાહન પત્ર અર્પણ કરવામાં આવ્યું.

## • ૨૦૨૧

- ફેબ્રુઆરી મહિનામાં સુપ્રસિદ્ધ શાયર, ગઝલકાર ડો. મહેશભાઈ રાવલ સાથે ઝૂમ બેઠક નં ૨૧૭.
- માર્ચ મહિનામાં ૨૧૮મી બેઠક શિકાગોથી ડો.અશરફભાઈ અને ડો. મધુમતીબહેન મહેતા તથા કેલીફોર્નીયાથી ડો. મહેશભાઈ રાવલ સાથે....
- લગભગ સવા વર્ષ સુધી ઘરમાં બેસી ને Zoom પર બેઠકો કર્યા પછી ૨૧૯મી બેઠક એપ્રિલ મહિનામાં, લોસ્ટ ક્રિક પાર્કના ખુલ્લી જગામાં માસ્ક સાથે...
- મે મહિનામાં ૨૨૦મી બેઠક ગઝલકાર શ્રી જવાહર બક્ષી સાથે...
- જૂલાઈ મહિનાની ૨૨૨મી બેઠક (ઝૂમ) વાર્તાકાર શ્રી આનંદરાવ લિંગાયત સાથે.
- ઑગષ્ટ મહિનાની બેઠક નં ૨૨૩ (ઝૂમ) પદ્મશ્રી સિતાંશુભાઈ યશશ્ચંદ્ર સાથે.

## આમંત્રિત સર્જકો સાથે ૨૦૧૫ થી ૨૦૨૧. સુધીઃ તસ્વીરો સાથેઃ

## વર્ષના અનુક્રમ મુજબ યાદીઃ

## ૨૦૧૫

**પ્રમુખઃ શ્રી ધવલ મહેતા, ઉપપ્રમુખઃ શ્રી નિખિલ મહેતા,**

**ખજાનચીઃ શ્રી નરેન્દ્ર વેદ, સલાહકારઃ દેવિકા ધ્રુવ**



૨૦૧૫- જુલાઈ મહિનામાં કેલિફોર્નિયાના ૯૬ વર્ષની વયના લેખક અને કોમ્યુનિટી એક્ટીવીસ્ટ શ્રી. હરિકૃષ્ણ મજમુદાર દાદા સાથે...







**૨૦૧૫-ઓગસ્ટ મહિનામાં સુરતના ખ્યાતનામ કવિ, હાસ્યકાર, ગીતકાર અને ગઝલકાર ડોક્ટર રઈશ મનીઆર સાથે..**

## ૨૦૧૬:

**પ્રમુખઃ ડોક્ટર શ્રીમતિ ઇન્દુબહેન શાહ, ઉપપ્રમુખઃશ્રીમતી પ્રવિણાબહેન કડકિયા**
**ખજાનચીઃ શ્રી.સતીશ પરીખ, સલાહકારઃ શ્રી. અશોક પટેલ**






**૨૦૧૬-માર્ચ મહિનામાં, જેવીબી પ્રેક્ષા મેડીટેશન હોલમાં, કવિ શ્રી અનિલ ચાવડા સાથે.**



**૨૦૧૬- એપ્રિલ મહિનામાં ખ્યાતનામ લેખિકા નીલમ દોશી સાથે...**






૨૦૧૬- મે મહિનામાં જાણીતા અને માનીતા, કવયિત્રી પન્નાબહેન નાયક સાથે.






**૨૦૧૬- જુન મહિનામાં કવિ શ્રી ભાગ્યેશ જહા સાથે..**





૨૦૧૬-નવેમ્બર મહિનામાં સૌરાષ્ટ્ર યુનિવર્સીટીના વાઈસ ચાન્સેલર ડો. બળવંતભાઈ જાની સાથે..

- **૨૦૧૭**

**પ્રમુખ- શ્રી. સતિશ પરીખ, ઉપપ્રમુખ શ્રી. નિતીન વ્યાસ,**

**ખજાનચી/હિસાબનીશ-શ્રી મનસુખ વાઘેલા,**

**સલાહકારઃ શ્રી. અશોક પટેલ**






૨૦૧૭-મે મહિનામાં આમંત્રિત કવિ શ્રી, શોભિત દેસાઇ સાથે.







**૨૦૧૭-ફરીથી મે મહિનામાં ૨૦મી તારીખે , બે એરીઆના ફેમીલી ફિઝીશિયન અને ગઝલકાર ડોક્ટર મહેશ રાવલ સાથે...**





સપ્ટે. મહિનામાં સુગરલેંડના કોમ્યુનિટી સેંટરમાં ૧૭૮મી બેઠકમાં સંસ્થાના જ આદરણીય સભ્ય અને નાસાના સર્વોચ્ચ વૈજ્ઞાનિક શ્રી ડો. કમલેશ લુલ્લાને તેમની અવકાશ અને વિજ્ઞાન ક્ષેત્રમાં સાધેલ ઝળહળતી સિદ્ધિઓ બદલ ( Glorious Achievement Award) નામે એક વિશિષ્ઠ એવોર્ડ મળ્યો હતો તે અંગે સાહિત્ય સરિતાએ તેમનું સન્માન કર્યું.




**૨૦૧૭ના ડિસેંબર મહિનામાં સંસ્થાના સભ્ય શ્રીમતી દેવિકાબહેન ધ્રુવની પત્રશ્રેણી “આથમણી કોરનો ઉજાસ” જેને ગુજરાતી સાહિત્ય પરિષદે ડાયસ્પોરા પારિતોષિક ઘોષિત કર્યું તે અંગે સંસ્થાના કમિટિ મેમ્બર્સ અને સૌ સભ્યોએ દેવિકાબહેન ધ્રુવનું ૧૮૦મી બેઠકમાં પ્રશસ્તિ પત્ર અર્પણ કરી સન્માન કર્યું.**

# ૨૦૧૮

**પ્રમુખ- શ્રી. સતિશ પરીખ, ઉપપ્રમુખ શ્રી. નિતીન વ્યાસ.**

**ખજાનચી/હિસાબનીશ-શ્રી શ્રી. મનસુખ વાઘેલા.**

**સલાહકારઃ શ્રી હસમુખ દોશી.**





**૨૦૧૮-માર્ચ મહિનામાં**

**વિશ્વ પ્રવાસિની લેખિકા શ્રીમતી પ્રીતિ સેનગુપ્તા સાથે...**



**૨૦૧૮-મે મહિનામાં સાહિત્ય સરિતાની ૧૮૫મી બેઠક**

**ખ્યાતનામ લેખિકા કામિનીબહેન સંઘવી સાથે..**



**૨૦૧૮-સપ્ટે. મહિનામાં કવિ શ્રી મુકેશ જોશી**

**અને કવિ શ્રી અનિલ ચાવડા સાથે....**



**૨૦૧૮-સપ્ટે. મહિનામાં મુંબઈના  જાણીતા કવિ અને મંચના મહારથી શ્રી મુકેશ જોશી અને અમદાવાદના યુવાન કવિ અને રજૂઆતના રાજવી શ્રી અનિલ ચાવડા સાથે....**

# ૨૦૧૯

**પ્રમુખ શ્રી. ફતેહઅલી ચતુર, ઉપપ્રમુખ શ્રીમતી શૈલાબહેન મુન્શા**
**ખજાનચીઃ અવનીબહેન મહેતા, સલાહકાર શ્રીમતી દેવિકાબહેન ધ્રુવ**



૧૯૪મી બેઠક- ફેબ્રુઆરી ૧૭ ૨૦૧૯- ફોટો સૌજન્ય- શ્રી જયંત પટેલ

**૨૦૧૯- ફેબ્રુઆરી મહિનામાં અન્ય ભાષાના (મહારાષ્ટ્ર મંડળના), મહેમાન તરીકે આવેલ શ્રી મિલિન્દભાઈ ફડકે સાથે...**



૨૦૧૯ -માર્ચ.. હિન્દીભાષી કવયિત્રી ડૉ.સરિતા મહેતા સાથે..



૨૦૧૯- માર્ચ મહિનામાં હિન્દીભાષી વિદુષી કવયિત્રી ડૉ.સરિતા મહેતા સાથે..





૨૦૧૯- મે મહિનામાં સાહિત્ય સરિતાના માંડવે 'જૂઈમેળા'નો ઉત્સવ..



'જૂઈમેળાના પ્રણેતા ડો.ઉષાબહેન ઉપાધ્યાય સાથે..




**૨૦૧૯- ઓગષ્ટ મહિનામાં સાહિત્ય સરિતાએ ઠસ્સાથી**

**ઉજવ્યો 'બસ્સોમી બેઠકનો જલસો'-**


Sunday, 8th September, 2019 | 4

ગુજરાત સમાચાર

વિદેશની ધરતી પર છેલ્લાં ૧૯ વર્ષથી નિયમિત રીતે ચાલતી

હ્યુસ્ટનની 'ગુજરાતી સાહિત્ય સરિતા'એ ૨૦૦મી બેઠકની ઉજવણી કરી

GOPALBHAI INDRAVADAN JOSHI





મુંબઈના મહેમાન કવિ/ગઝલકાર શ્રી સુરેશભાઈ ઝવેરી સાથે....







**ઓક્ટોબર ૨૦૧૯- પાટણ યુનિ..ના વાઈસ ચાન્સેલર ડો. દાઉદભાઈ ઘાંચી અને ગુજરાત યુનિ.. સાથે સંકળાયેલા તથા ગાંધર્વ મહાવિદ્યાલય સાથે જોડાયેલા ડો. જનકભાઈ શાહ**


# ૨૦૨૦

**પ્રમુખઃ  શ્રીમતી શૈલા મુન્શા, ઉપપ્રમુખઃ ચારુબહેન વ્યાસ,ખજાનચીઃ અવનીબહેન મહેતા,**

**મંત્રીઃ સતીશ પરીખ, સહમંત્રીઃ મનસુખ વાઘેલા, સલાહકારઃ દેવિકા ધ્રુવ**

**૨૦૨૦- માર્ચ મહિનામાં સાહિત્ય સરિતાની પહેલી 'વોટ્સ-એપ' બેઠક યોજાઈ. કોરોના વાયરસને કારણે, ૨૦૫ બેઠકો પછીની આ વિશેષ બેઠક થકી સંસ્થાના ઈતિહાસમાં આ એક નવું પાનું ઉમેરાયું.**

************************************************************





**એપ્રિલ મહિનાથી ઝુમ બેઠકોની શરૂઆત થઈ. જૂન મહિનાની ઝુમ બેઠકમાં  હ્યુસ્ટનના ઈતિહાસમાં પ્રથમ વખત એક તેજસ્વી યુવા-પ્રતિભા રાધા મહેતાનું મંત્રમુગ્ધ વક્તવ્ય. .**




- ઓગષ્ટ મહિનામાં. વાર્તા અંગે.. અમદાવાદના લેખિકા શ્રીમતી શ્રધ્ધા ભટ્ટ સાથે તેમની વાર્તાઓનું વાંચન કરવામાં આવ્યું. ઝુમ બેઠક નં ૨૧૧.



- નવેમ્બર મહિનામાં ૨૧૪મી બેઠક, આંતરરાષ્ટ્રિય ગઝલની મસ્તીભરી બેઠક
લંડન યુ.કે થી જાણીતા ગઝલકાર, ગુજલીશ ગઝલો માટે ખૂબ જાણીતા અને સુફી ગઝલકાર તરીકેનું માન મેળવી ચૂકેલા છે તે આદરણીય શ્રી અદમભાઈ ટંકારવી સાથે યોજાઈ.



નવેમ્બર મહિનાની બેઠકમાં સંસ્થાના સભ્ય ગુજરાતી 'પ્રમુખપેડ' ના સંશોધક વિશાલભાઈ મોણપરાની નવ અને પાંચ વર્ષની દિકરીઓ ચિ.સ્વરા અને આજ્ઞા જેઓ આટલી કુમળી વયે ગુજરાતી ભાષા અને કક્કો બારાખડીને સરળ ભાષામાં ઉદાહરણ સહિત,અમેરિકન પધ્ધતિથી યુટ્યુબ ચેનલ પર મૂકે છે. એમની આ પ્રવૃતિને પ્રોત્સાહન આપવા સંસ્થા તરફથી આ બાળકીઓને પ્રોત્સાહન પત્ર અર્પણ કરવામાં આવ્યું.

# ૨૦૨૧

- પ્રમુખઃ ચારુબહેન વ્યાસ, ઉપપ્રમુખઃ ભારતીબહેન મજમુદાર

  ખજાનચીઃ શ્રી પ્રફુલભાઈ ગાંધી, સલાહકારઃ શ્રી નિખીલ મહેતા

**ફેબ્રુઆરી મહિનામાં સુપ્રસિધ્ધ શાયર, ગઝલકાર ડો. મહેશભાઈ રાવલ સાથે**



માર્ચ મહિનામાં ૨૧૮મી બેઠક શિકાગોથી ડો.અશરફભાઈ અને ડો. મધુમતીબહેન મહેતા તથા કેલીફોર્નીયાથી ડો. મહેશભાઈ રાવલ સાથે યોજાઈ.

https://youtu.be/jn69GY2HKGQ




૨૧૯મી બેઠક એપ્રિલ મહિનામાં, લોસ્ટ ક્રિક પાર્કના ખુલ્લી જગામાં માસ્ક સાથે





ડો. જવાહર બક્ષી સાથે મે,૨૦૨૧માં  થયેલ બેઠક..

**જુલાઈ મહિનામાં સાહિત્યકાર શ્રી આનંદરાવ લિંગાયત સાથે ઝૂમ બેઠક નં.૨૨૨.**



**સાહિત્યકાર શ્રી આનંદરાવ લિંગાયત**



- ઑગષ્ટ મહિનાની બેઠક નં ૨૨૩ (ઝૂમ) સુવિખ્યાત વિશ્વકવિ અને પદ્મશ્રી સિતાંશુભાઈ યશશ્ચંદ્ર સાથે.






# સાહિત્ય સરિતાના સભ્યોની અલવિદાઃ

આ વીસ વર્ષ દરમ્યાન સંસ્થાના નીચેના 10 સભ્યો સદાને માટે વિદાય થઈ ચિરશાંતિમાં પોઢી ગયાં..



૧. સ્વ. મહમદ અલી 'સૂફી' પરમારઃ  ૨૦૦૯

૧૯૨૪માં, ગુજરાતના એક નાનકડા ગામડામાં જન્મેલા આ આધ્યાત્મિક કવિએ પારાવાર મુશ્કેલીઓ વેઠીને, ગુજરાતથી મુંબઈ, બાંગલાદેશના ચિત્તાગોંગ,ઇરાન, સાઊદી અરેબિયા, દુબાઇ, કરાંચી  ફરી ફરીને અંતે હ્યુસ્ટનમાં સ્થાયી થયેલા. કાયદાના સ્નાતક હોવા ઉપરાંત હોમિયોપેથીના પણ માન્યતાપ્રાપ્ત ડોક્ટર હતા. સાહિત્યસરિતાની  ઘણી બેઠકોમાં તેઓ આવતા. 'સિનિયર્સ સિટીઝન્સ'ની મીટીંગોમાં ભજનો સંભળાવતા અને હાર્મોનિયમ વગાડતા. આ 'સૂફી' કવિએ માત્ર આધ્યાત્મિક કાવ્યો જ લખ્યા છે અને તેનો એક સંગ્રહ 'આધ્યાત્મિક કાવ્યો' નામે ગુજરાતી સાહિત્ય સરિતાએ ૨૦૦૯માં પ્રસિધ્ધ કર્યો હતો.



૨. સ્વ.કાંતિભાઈ શાહઃ

જન્મ ૧૯૩૪ – વિદાય -જાન્યુ.૨૦૧૨

સાહિત્ય સરિતાના જૂના સભ્ય શ્રી કાંતિભાઈ શાહ મુંબઈ યુનિવર્સિટિમાંથી એંજિનિયર થયાં હતા. ૧૯૭૬માં અમેરિકા આવી હ્યુસ્ટનમાં 'શેલ રિસર્ચ' અને બીજી એવી કંપનીઓમાં જોડાયા હતા. સાહિત્ય સરિતાની દરેક પ્રવૃત્તિઓમાં તેમને રસ હતો. તેઓ નિયમિત હાજરી આપતા, મદદરૂપ થઈ રહેતા અને સૌને પ્રોત્સાહિત કરતા રહેતા.



૩. સ્વ. ગીરીશભાઈ દેસાઈઃ ડીસેમ્બર ૨૦૧૬

લગભગ ૧૯૭૫થી તેમણે કાવ્યો લખવાની શરૂઆત કરી હતી. એમના જ શબ્દોમાં કહીએ તો, 'મન અને બુદ્ધિરૂપી બે બળદિયાના યુધ્ધથી ઉભી થયેલી પરિસ્થિતિનું જે શબ્દચિત્ર" રચાયું તે


તે તેમના કાવ્યો. તેમના પ્રકાશિત પૂસ્તકોઃ

**(૧) ઇશાવાસ્ય ઉપનિષદ.(૨) મારો મનોવિહાર (લેખસંગ્રહ). (૩) મારી મનોગંગા ( કાવ્યસંગ્રહ).(૪) Ganges of my mind ( 'મારી મનોગંગા' નો અંગ્રેજી અનુવાદ ).**



૪. સ્વ. સુમન અજમેરીઃ એપ્રિલ ૨૭ ૨૦૧૭

૭૦ થી વધુ પુસ્તકોના સર્જક એવા 'શબ્દના પૂર્ણ સમયના આરાધક' હતા. તેમણે કેવળ શબ્દ અને શબ્દની જ માળા જપી હતી. છાંદસ, અછાંદસ કાવ્યો, ગઝલો, ગીતો, બાળકાવ્યો, કિશોરકાવ્યો, ખંડકાવ્યો, સોનેટો, વાર્તાઓ, વિવેચનો, રસદર્શન..ઘણું ઘણું લખ્યું. કવિતા એ એમના લેખનનો મુખ્ય વિષય રહ્યો હતો. સુમનભાઈ શબ્દસાધનાની ધૂણી ધખાવીને સિદ્ધિઓના શિખરો સર કરનાર, અસાધારણ સર્જકપ્રતિભા ધરાવતા એક પીઢ, સારા સાહિત્યકાર હતા.




૫. સ્વ. અશોક પટેલઃ નવેમ્બર ૨૦૧૭

શ્રી અશોકભાઈ એટલે નાટક અને સાહિત્યપ્રેમી વ્યક્તિ. તેઓ સ્પષ્ટ અને સીધું બોલતા વક્તા હતા. ઓશોના પણ ચાહક હતા. હ્યુસ્ટનની નાટ્યકલાવૃંદ સાથે જોડાયેલા હતા તો સાહિત્ય સરિતાના કો ઓર્ડીનેટર તથા સલાહકાર  તરીકેની સેવાઓ પણ આપી ચૂક્યા હતા. કલારસિક આ જીવ સાદું જીવન અને ઉંચા વિચારોમાં માનતા.



૬. સ્વ. નીતાબહેન મહેતાઃ નવેમ્બર ૨૦૧૭

મૂળ ભાવનગરના નાગર નારી ડો નીતાબહેન મહેતા અમેરિકા આવી હ્યુસ્ટનમાં એમ.ડી. એન્ડરસનમાં જોડાયેલ હતા. નિવૃત્ત થયા બાદ ઘણી સામાજિક સંસ્થાઓ સાથે જોડાયા હતા. તેમની કામ કરવાની ધગશ અને આવડતથી સીનીયર સીટીઝન એસોસીએશનમાં બે વર્ષ માટે પ્રમુખ તરીકે જોડાયા હતા અને જીવ્યા ત્યાં સુધી ટ્રસ્ટી તરીકે સેવાઓ આપી હતી.આ ઉપરાંત તેઓ ગુજરાતી સમાજ,વેદાંત સોસાયટી, નાગર એસોસીએશન અને સાહિત્ય સરિતાના પણ સભ્ય હતા. સૌથી આકર્ષક હતું નીતાબહેનનું મોહક હાસ્ય.




૭. સ્વ.ધીરુભાઈ શાહઃ એપ્રિલ ૮ ૨૦૨૦

લગભગ એક સદી જીવી ગયેલો માનવી, એકધાર્યું સરસ જીવી ગયેલો એક સાચો માનવી એટલે ધીરુદાદા. નખશિખ સુંદર વ્યક્તિત્વ ધરાવતા પ્રેમાળ વ્યક્તિ એટલે શ્રી ધીરુદાદા. તેમણે જીવનમાં ૭૫મી ઉંમરે લેખન કાર્ય શરૂ કર્યું અને લગભગ શતાબ્દી સુધી ચાલુ રાખી અનેકના જીવન મહેંકાવ્યા. એમના દરેક વર્ષે છપાતા પુસ્તકો ઉમદા વાતોથી ભરપૂર રહેતા અને તે પુસ્તકો ગુજરાતની વિવિધ લાઇબ્રેરી અને શાળાઓમાં પોતાના ખર્ચે ભેટરૂપે મોકલતા. લક્ષ્મી અને સરસ્વતીનો આવો સુભગ સમન્વય ભાગ્યે જ જોવા મળતો. એક સંતની જેમ બે હાથે તેઓ તેમના લખાણો વહેંચતા રહેતા. તેમના મુખ પર સદા પ્રેમાળ અને મધુર સ્મિત રમતું રહેતું.



૮. સ્વ.અબ્દુલ રઝાક 'રસિક' મેઘાણીઃ જુલાઈ ૨૦૨૦

**હ્યુસ્ટનનું એક સાહિત્ય-રત્ન એટલે રસિક મેઘાણી. તેમનું ખરું નામ અબ્દુલ રઝાક. 'રસિક' તેમનું તખલ્લુસ. જાણીતા ગઝલકાર 'નઝર' ગફૂરીના એ પરમ શિષ્ય. ૨૦૦૯ થી ૧૧ના બે વર્ષના ગાળામાં ગઝલના આંતર-બાહ્ય રૂપો, છંદ-ગૂંથણી અને ભાવવિશ્વ વિશે તેમની પાસેથી પ્રત્યક્ષ રીતે શીખવાનો અને એ રીતે અભ્યાસ,આયાસ અને રિયાઝનો સૌને મોકો મળ્યો. ૨૦૦૨માં તેમના પ્રથમ બે ગઝલસંગ્રહ હ્યુસ્ટનમાં છપાયાં- 'લાંબા શુષ્ક માર્ગે'. અને "ભીની ભીની આંખો."**

**૨૦૧૨માં તેમને સ્ટ્રોક અને હૃદય-રોગનો હુમલો આવ્યો અને જમણું અંગ 'પેરાલીસીસ'નો ભોગ થઇ પડ્યુ. તેમનો તત્વચિંતનથી ભર્યો શેર ઘણું કહી જાય છે.**


**"ચહેરા ઉપર ઉભરતી રહી કાળની લકીર,<br>ને આપણે તો આઇનો જોતા રહી ગયાં".**



૯. સ્વ. નવીન બેંકરઃ સપ્ટે.૨૦ ૨૦૨૦

નવીન બેંકર એટલે એક મસ્ત મઝાના વાર્તાકાર, અહેવાલ લેખક, રંગીલા-રસીલા, મળતાવડા, નિખાલસ, સ્પષ્ટ વક્તા, ઉમદા, અને ખુબ જ ઊર્મિશીલ માનવ. તેમની કલમ એટલે કમાલ ! અજબનો જાદૂ. અમેરિકન ફિલ્મ હોય કે ગુજરાતી નાટક, વ્યક્તિ પરિચય હોય કે હ્યુસ્ટનની કોઈપણ સંસ્થાની પ્રવૃત્તિ; તેમનું અવલોકન અને અહેવાલ આબાદ જ હોય. નાટક–સિનેમા, ફોટા, સંગીત અને લેખન તેમના મુખ્ય રસના વિષયો.

તેમની વાર્તાઓના પાંચ પુસ્તકો પ્રકાશિત થયાં હતાં. તેમને હ્યુસ્ટનના ઇન્ડિયા કલ્ચર સેન્ટર દ્વારા ૧૫ ઓગસ્ટ ૨૦૧૦ના રોજ, કોન્સ્યુલર જનરલ ઓફ ઇન્ડિયા ના શુભહસ્તે, 'સ્પીરીટ ઓફ ટાગોર એવોર્ડ' આપવામાં આવેલો.



**૧૦. સ્વ. પ્રકાશભાઈ શાહઃ ઓક્ટોબર ૨૦૨૦**

વ્યવસાયે પ્રોફેસનલ સ્ટ્રક્ચરલ (સીવિલ) એન્જીનીયર પ્રકાશભાઈ શાહ શાંત,નમ્ર છતાં શોખીન જીવ હતા. પત્નીના ગયા પછી જિંદગીનો ખાલીપો અનુભવતા પણ મનને હળવુ કરવા માટે ઘણી બધી સંસ્થાઓ જેવી કે ઇન્ડીઅન સીનિઅર સિટિઝન એસોસીએશન, ઇન્ડો અમેરીકન સિનિઅર્સ ઓફ ગ્રેટર હ્યુસ્ટન, ગુજરાતી સાહિત્ય સરિતા ઓફ હ્યુસ્ટન, નાટ્યકલા ગ્રુપ, સુગર લેન્ડ સીનિઅર્સ એસોસીએશન, સુગર લેન્ડ ડાન્સ ક્લબ વિગેરે અનેક સંસ્થાઓ સાથે સંકળાયેલા હતા. તેમને ડાન્સ (અમેરિકન સ્ટાઇલનો)નો શોખ પૂરો કરવા માટે તેઓ સુગર લેન્ડ કોમ્યુનિટિ સેન્ટરમાં ક્લાસ પણ લેતા હતા. સાથે સાથે કસીનોના પણ એટલા જ શોખીન. કોઈપણ સંસ્થામાં તેમની આગેવાની નહી, પરંતુ  સ્વભાવે મિતભાષી એવા પ્રકાશભાઈ હંમેશા મદદ માટે તૈયાર રહેતા.

# દિવંગત ઉપરોક્ત સભ્યોને શબ્દાંજલિ..

## ૐ શાંતિ..



# ઉપસંહારઃ

તો આ છે હ્યુસ્ટનના આંગણે ઉગેલો ગુજરાતી ભાષાનો તુલસીક્યારો; જેમાં રોજ અવનવા હસ્તે અક્ષર-જળનું સિંચન થયા કરે છે, વિવિધ વિચાર-કિરણોના તેજ પથરાયાં કરે છે અને ભાવકોની શીતળ હવા ભળ્યા કરે છે. એ રીતે માતૃભાષાનો છોડ લીલોછમ રાખવા પ્રયાસો થાય છે. છેલ્લાં ૨૦ વર્ષના ઈતિહાસ પર અને www.gujaratisahityasarita.org. પર વિહંગાવલોકન કરશો તો જણાશે કે, એમાં સતત પ્રવૃત્તિઓ છે, ક્રમે ક્રમે પ્રગતિ છે, છલ છલ છલકાતી સરસ્વતીની સમૃધ્ધિ છે અને હર કલાની સિધ્ધિ છે. આ એક એવો મંચ છે જેમાં સર્જક હોય કે ભાવક સૌને માટે અવકાશ છે.

માતૃભાષાની કટોકટી નવી નથી, વર્ષોથી ચર્ચિત થતી આવી છે પણ નેટના નવા માધ્યમો થકી યુવાન-વર્ગને ઉત્સાહિત થતાં જોઈને આંખ ઠરે છે અને આશા જન્મે છે. એક એવો પણ સમય આવશે જ્યારે અન્ય વિદેશી ભાષાઓની જેમ ગુજરાતી ભાષા જાણવા, શીખવા, ટકાવવાની ટહેલ સંભળાશે.

સાહિત્ય સરિતાના આ મંચ પરથી ઘણાંને ઘણું મળ્યું છે. વાંચન, લેખન અને રજૂઆતનો  આયાસ, પ્રયાસ અને રિયાઝ સહિયારો થતો રહ્યો છે, લેખન-સાધના દ્વારા શબ્દપૂજા થતી રહી છે. પરિણામે ભીતરમાં સાહિત્યનું એક વિશ્વ ઉઘડતું રહ્યું છે. સંસ્થાના સૌ સભ્યોને કંઈ કેટલાંયે સર્જક અને ભાવક મિત્રો મળ્યાં છે. ટૂંકમાં કહેવું હોય તો, સરિતામાં સ્હેલ કરવા માટે શબ્દોની નાવ અને અક્ષરના હલેસાં મળ્યાં છે, પંખીની પાંખને વિહરવા માટે અહીં આકાશ મળ્યું છે.

આ સરિતા સુંદર અને સ્વચ્છ રીતે સતત વહેતી રહે એ જ અંતરથી શુભેચ્છા...  સૌ સભ્યોને વંદન.

**सरस्वत्यै नमो नित्यं भद्रकाल्यै नमो नमः**

અસ્તુ..
દેવિકા ધ્રુવ